SCW-6 (BCK-5) રૂ.૬.00 લાખથી વધુ આવક ધરાવતાં કુટુંબની અનુસૂચિત જાતિની કન્યાઓને આદિજાતીના ધોરણે ટયુશન ફી ચૂકવવા બાબત.
રૂ.૧૦૦.૦૦ લાખ.

ગુજરાત સરકાર,
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:અજાક/૧૭૨૦૨૨/000૧/ન.બા-૪૮/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૮/૦૪/૨૦૨૨

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા:૨૫/૦૪/૨૦૧૨ અને તા.૦૯/૦૨/૨૦૨૨ના ઠરાવ ક:અજાક/૧૦૨૦૧૧/ન.બા.30/ગ

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા:૦૫/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:અજાક/૧૦૨૦૧૭/૭૧૪૨૩૪/ન.બા.૨૮/ગ

(3) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરનો તા.૨૪/૦૧/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અજાક/ગ-૧/૧/૨૦૨૧-૨૨/૯૭૧-૭૨

આમુખ:

વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના તા.૨૫/૦૪/૨૦૧૨ના ઠરાવથી અનુસૂચિત જાતિના રૂ.૨.૫૦ લાખથી વધુ આવક ધરાવતા કુટુંબની કન્યાઓ કે જેઓ ભારત સરકારની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની તમામ શરતો પૂર્ણ કરતી હોય તેમને કેન્દ્રના ધોરણે સુધારેલ દર મુજબ માત્ર શિષ્યવૃત્તિ (નિભાવ ખર્ચ) ચુકવવાનું ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૨) પરના ઠરાવથી રૂ.૨.૫૦ લાખથી રૂ.૬.૦૦ લાખ સુધીની આવક ધરાવતા કુટુંબની કન્યાઓને શિષ્યવૃતિ (નિભાવ ખર્ચ) તથા ટ્યુશન ફી પણ ચુકવવાનું ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના તા.૦૯/૦૨/૨૦૨૨ના ઠરાવથી અનુસૂચિત જાતિના રૂ.૨.૫૦ લાખથી વધુ આવક ધરાવતા કુટુંબની કન્યાઓ કે જેઓ ભારત સરકારની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાઓની તમામ શરતો પૂર્ણ કરતી હોય તેમને ભારત સરકારની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનામાં જે દર સુધારવામાં આવેલ છે તે સુધારેલ દર મુજબ નિભાવ ખર્ચ / એકેડેમીક એલાઉન્સ ચુકવવાનું ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક : (૩) પરના પત્રથી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગાંધીનગરે રૂ.૬.૦૦ લાખથી વધુ આવક ધરાવતા કુટુંબની અનુસૂચિત જાતિની કન્યાઓને આદિજાતીના ધોરણે ટયુશન ફી તેમજ નોન રીફન્ડેબલ ફી ચૂકવવા અંગેની રૂ.૧૦૦.૦૦ લાખની વર્ષ ૨૦૨૨-૨૩ માટેની નવી બાબત રજૂ કરવામાં આવેલ હતી. જેનો નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં ચાલુ બાબત તરીકે સમાવેશ કરવામાં આવેલ છે. જેને વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે, અનુસૂચિત જાતિના રૂ.૬.૦૦ લાખથી વધુ આવક ધરાવતાં કુટુંબની કન્યાઓ કે જેઓ ભારત સરકારની પોસ્ટમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાની તમામ શરતો પરીપૂર્ણ કરતી હોય તેઓને ટ્યુશન ફી તથા અન્ય નોન રીફન્ડેબલ ફી ચૂકવવા અંગેની રૂ.૧૦૦.૦૦ લાખની વર્ષ ૨૦૨૨-૨૩ની ચાલુ બાબતને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ યોજનામાં નીચે મુજબના દરે નિભાવદર / એકેડેમિક અલાઉન્સ ચુકવવાનું રહેશે.

| ક્રમ | અભ્યાસક્રમનું ગૃપ | ડેસ્કોલર રૂ. (વાર્ષિક) | હોસ્ટેલર રૂ. (વાર્ષિક) |
|---|---|---|---|
| ૧ | Group 1 : Degree and Post Graduate level professional Courses | ૭૦૦૦ | ૧૩૫૦૦ |
| ૨ | Group 2 : Other Professional Courses leading to Degree, Diploma , Certificate | ૬૫૦૦ | ૯૫૦૦ |
| ૩ | Group 3 : Graduate and Post Graduate Courses not covered under Group 1 & Group 2 | ૩૦૦૦ | ૬૦૦૦ |
| ૪ | Group 4 : All Post-matriculation (Post Class X Level) non- Degree Courses | ૨૫૦૦ | ૪૦૦૦ |

ઉક્ત મંજૂરી નીચેની શરતોને આધિન આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૨-૨૩ની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખતના લાગુ પડતા ઠરાવો/પરીપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજુરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિંધ્ધાતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૮) આ યોજનાને C.M. Dash Board સાથે Link કરવાની રહેશે.

(૯) સોશિયો ઇકોનોમિક ઇમ્પેક્ટ ઇવેલ્યુએશન / એસેસમેન્ટ કરવાનું રહેશે.

(૧૦) નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં મંજૂર થયેલ નવી બાબત/રજૂ કરેલ વ્યક્તિગત લાભને લગત હોય તેવી નવી બાબત જે ચાલુ બાબત તરીકે અંદાજપત્રમાં સમાવવાની શરતે મંજૂર કરવામાં આવેલ હોઈ, તે યોજનાઓ પૈકી શૈક્ષણિક પ્રવૃતિઓ સાથે સંકળાયેલ બાબતોની અમલવારી નવા શૈક્ષણિક સત્ર ચાલુ થયેથી કરવાની રહેશે.

(૧૧) નવા શૈક્ષણિક સત્રથી જ ટ્યુશન ફી અંગેની સહાયના સુધારેલા દરો અમલી કરવાના રહેશે.

(૧૨) યોજનામાં લાભાર્થીને આપવામાં આવતાં લાભ માટે DBT પધ્ધતી અનુસરવાની રહેશે.

(૧૩) આ યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ અંદાજપત્ર માંગણી ક્રમાંક: ૯૫, મુખ્ય સદર : ૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુ.જનજાતિ આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો કલ્યાણ, પેટા મુખ્ય સદર: ૦૧-અનુસૂચિત જાતિઓનુ કલ્યાણ, ગૌણ સદર: ૨૭૭-શિક્ષણ, પેટા સદર : SCW-6 BCK-5 રૂ.૬.૦૦ લાખથી વધુ આવક ધરાવતાં કુટુંબની અનુસૂચિત જાતિની કન્યાઓને (આદિજાતીના ધોરણે) ટ્યુશન ફી ચૂકવવા હેઠળ કરવામાં આવેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સમાન ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૪/૪/૨૦૨૨ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડૉ. સતીશ આર. બલદાણિયા)
ઉપ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

<u>નકલ રવાના:-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી(અ.જા.ક)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સા.ન્યા. અને અ.વિ. સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી(ના.વિ.)નાં અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(ખર્ચ)નાણા વિભાગના અંગત મદદનીશશ્રી, નાણાં વિભાગ, સચિવાલય,ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી(સા.ન્યા.અને અધિકારિતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી(બજેટ,કોમપ્યુટર સેલ) સા.ન્યા. અને અ.વિભાગ, સચિવાલય, ગાંધીનગર, વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૨